# તમારો આ સામાન નહીં ચાલે

ઉર્વશીબેન અને એમના પતિ ઊર્મિલભાઈ અમેરિકાના લોસ એન્જલસ એરપોર્ટ પર એમના B-1/B-2 એટલે કે વિઝીટર્સ વિઝા લઈને ઉતર્યા. ઈમિગ્રેશનમાંથી પસાર થઈ ગયા એટલે એમને બંનેને હાશ થઈ. પરંતુ હજુ એમની કઠણાઈ દૂર નહોતી થઈ. એમનો સામાન જ્યારે કસ્ટમમાંથી પસાર થઈને એમની પાસે આવ્યો ત્યારે કસ્ટમ ઓફિસરે એમને રોક્યા અને એમની બેગો ખોલાવી. ઉર્વશીબેનના સામાનમાંથી પ્રેશરકૂકર નીકળ્યું. કસ્ટમર ઓફિસરે આ કૂકર હાથમાં આવતાં જ ઉર્વશીબેન અને ઉર્મિલભાઈના પાસપોર્ટ પર સ્ટેમ્પ મારી દીધો અને બંને જણને પાછી જતી ફ્લાઈટ પકડીને ભારત પાછા ફરવાનો ઓર્ડર આપી દીધો.

ઉર્વશીબેન અને ઉર્મિલભાઈએ કસ્ટમ ઓફિસરને સમજાવવાના પ્રયત્નો કર્યા કે આ કૂકર તેઓ પોતાના માટે નથી લાવ્યા પણ પોતાની દીકરી માટે જે અમેરિકન સિટીઝન છે એમના માટે લાવ્યા છે. એમની દીકરીને ભારતીય કૂકરમાં જ ભારતીય પ્રકારની રસોઈ કરવી ફાવે છે. એણે જ એમની પાસે આ કૂકર મગાવ્યું છે. પણ કસ્ટમ ઓફિસર એમની વાત માનવા કોઈપણ હિસાબે તૈયાર નહોતો. એનું કહેવું એ હતું, 'તમે જો અમેરિકામાં ફક્ત ત્રણ અઠવાડિયા માટે રહેવા આવ્યા છો તો તમારે ઘરની ઘરવખરી લાવવાની કેમ જરૂર પડી? તમે જરૂર અહીં કાયમ માટે સ્થાયી થવા આવ્યા છો. તમે આ સામાન સાથે હોવાના કારણે તમારા નોન ઈમિગ્રન્ટ ઈન્ટેન્શન સાબિત નથી કરી શકતા. અમને શંકા છે કે તમે અમેરિકામાં કાયમ માટે ગેરકાયદેસર રીતે રહી જશો આથી અમે તમને તમારા દેશમાં પાછા મોકલી દઈએ છીએ.'' ઉર્વશીબેન અને ઉર્મિલભાઈની લાખ કાકલૂદી છતાં કસ્ટમ ઓફિસર એક નો બે ન થયો અને એણે બંને જણને પાછા ઈન્ડિયા તો મોકલી દીધા પણ એમના વિઝા ઉપર પાંચ વર્ષની બંધી પણ લગાવી દીધી.




**વિઝા મિત્ર**
★ સંગીતા જોશી

ભારવીબેન એમની ભત્રીજીના લગ્નમાં હાજરી આપવા અમેરિકા જઈ રહ્યા હતા. એમણે એટલાન્ટાના એરપોર્ટ ઉપર ઈમિગ્રેશન ઓફિસરને જણાવ્યું કે એ ત્રણ અઠવાડિયામાં પરત ફરવાના છે એટલે એણે એમને ત્રણ અઠવાડિયા સુધીનો સમય આપીને પાછા જવા માટેની તારીખ પણ સ્ટેમ્પની જોડે જોડે લખી આપી. લગ્નમાં જવાના હતા માટે એમની પાસે મોટી મોટી ભારે બેગો હતી. કસ્ટમ ઓફિસરને શંકા જતાં એણે એ બેગો ખોલાવી તો એમના સામાનમાંથી સાઠ સાડીઓ નીકળી. કસ્ટમ ઓફિસરે ભારવીબેનનો પાસપોર્ટ લઈ લીધો. એમને કસ્ટમના હટ્ટાકટ્ટા ઓફિસરો એક અલગ રૂમમાં લઈ ગયા. ત્યાં એમને પહેલાં તો કલાકો સુધી બેસાડી રાખ્યા. પછી એમની પૂછપરછ ચાલુ કરી. કસ્ટમ ઓફિસરોનું માનવું હતું કે ભારવીબેન અમેરિકામાં ટુરિસ્ટ વિઝા પર આવીને આ સાડીઓનો વેપાર કરવાના છે. આ મોંઘી સાડીઓ વેચવાનો ધંધો કરીને અમેરિકામાં પૈસા કમાવાના છે. ભારવીબેન સખત ડરી ગયા. પહેલાં તો એમને આ બધા ઓફિસરોને શું કહેવું એ જ ન સમજાયું. પછી જેમ તેમ હિંમત કરીને એમણે એમને લગ્નની કંકોત્રી બતાવી. ભત્રીજીના લગ્ન છે આથી એમની ભાભીએ પોતાની દીકરી માટે અને સગાંવ્હાલા ને આપવા લેવાનો વ્યવહાર કરવા માટે આ સાડીઓ મગાવી છે એમ જણાવ્યું. આ હકીકત જાણવા છતાં પણ કસ્ટમ ઓફિસરો માન્યા નહીં.

તમે અમારા દેશમાં આવીને ગેરકાયદે વેપાર કરવાના છો એ કારણે તમારા વિઝા રિજેક્ટ કરવામાં આવે છે એવો સ્ટેમ્પ ભારવીબેનના પાસપોર્ટ પર મારી દીધો.તમે જ્યારે અમેરિકામાં દાખલ થતા હો છો ત્યારે તમારા સામાનમાં તમે સાથે શું શું લઈ જાવ છો એની તકેદારી રાખવી ખૂબ જ જરૂરી છે. તમે જો વિઝીટર્સ વિઝા ઉપર અમેરિકામાં જતા હો તો તમારો સામાન એક ટુરિસ્ટ જેવો હોવો જોઈએ. તમે ઘર વસાવવા કે વેપાર કરવા જતા હો એવો સામાન તમારી સાથે રાખશો તો તમને એરપોર્ટ પરથી જ પાછા તમારા દેશમાં મોકલી દેવામાં આવશે, તમારા વિઝા રિજેક્ટ કરી નાખવામાં આવશે અને જો કસ્ટમ ઓફિસર માથાફરેલ હશે તો તમારા પર પાંચ કે દસ વર્ષની અમેરિકામાં પ્રવેશબંધી પણ લગાવી દેશે. આથી અમેરિકામાં દાખલ થતી વખતે તમે સાથે શું લઈ જાઓ છો એની સાવધાની રાખવી જરૂરી છે.

કેટલોય સામાન એવો પણ છે જેને અમેરિકામાં કાયદેસર રીતે લઈ જવાની બંધી છે. જો તમે એમાંની કોઈ ચીજ તમારા સામાનમાં લઈ જશો તો પણ તમને અમેરિકામાં દાખલ થતા અટકાવવામાં આવશે. તમારા વિઝા કેન્સલ પણ થવાની શક્યતાઓ વધી જશે.

અમેરિકાએ એવી ચીજોની યાદી બહાર પાડી છે જે તમારી સાથે અમેરિકામાં લઈ જવાની સખત મનાઈ છે. ઘી, ડેરી પ્રોડક્ટ્સ, બિયારણ, ફળ, ફૂલ, શાકભાજી, અથાણા, મસાલા, છૂટો પાઉડર, ધારદાર હથિયારો, પિસ્તોલ, બોમ્બ વગેરે તમારા સામાનમાંથી ન નીકળવા જોઈએ. અમેરિકામાં દવાઓ ખૂબ મોંઘી છે.

**'તમે જો અમેરિકામાં ફક્ત ત્રણ અઠવાડિયા માટે રહેવા આવ્યા છો તો તમારે ઘરની ઘરવખરી લાવવાની કેમ જરૂર પડી**

આથી કેટલાક અમેરિકામાં રહેનારા લોકો ઈન્ડિયાથી આવનારા સગાંવ્હાલાઓ પાસે જથ્થાબંધ દવાઓ મગાવે છે, જે ખરેખર તો સામાનમાં લઈ જવાની બંધી છે. મોંઘી બ્રાન્ડની કોપી કરેલી આઈટમો, પ્રાણીઓના ચામડા, સાપની કાંચળીઓ, લુપ્ત થતી જતી પ્રજાતિઓના શરીર પરની વસ્તુઓ જેવી કે ગેંડાના શીંગડા, હાથીદાંતની ચીજો અને આવી અનેક ચીજો લઈ જવા ઉપર બંધી છે.

એક જમાનામાં યુએસનું ઈમિગ્રેશન ખાતું અને કસ્ટમ ખાતું પ્રમાણમાં ઉદાર હતું, પણ આજના સંજોગોમાં અને પરિસ્થિતિમાં હવે એ લોકોને પણ કાયદાનું સખત રીતે પાલન કરવાના ઓર્ડર આપવામાં આવ્યા છે. એટલે હવે તમારા સામાનમાં વણજોઈતી ચીજો લઈ જવાનું ટાળજો અને તમારી સફરને હળવી બનાવજો. પેલું કહેવાય છે ને ''ટ્રાવેલ લાઈટ''. એટલે બેગો હળવી રાખજો અને સડસડાટ અમેરિકા પહોંચી જજો.

---

## વ્યક્તિગત લોન લેનાર નિશ્ચિત સમયમર્યાદા પહેલાં

## લોનની રકમની પૂરેપૂરી ચૂકવણી કરી દે તો પણ બેંક પ્રી-પ્રેમેન્ટ ચાર્જિસ વસૂલ કરી શકે નહીં

હજારો વ્યકિતગત (Individual) લોન લેનારાઓને મદદરૂપ થઈ શકે એવા એક મહત્ત્વના ચુકાદામાં સૂરત જિલ્લા ગ્રાહક કમિશને(મુખ્ય) વ્યકિતગત લોન લેનાર નિશ્ચિત સમયમર્યાદા પહેલાં બેંકને લોન પૂરેપૂરી ચૂકવી દે તો પણ બેંક પ્રી-પ્રેમેન્ટ ચાર્જિસને નામે વસૂલ કરી શકે નહીં અને વસૂલ કરી હોય તો તે પરત ચૂકવવા જવાબદાર હોવાનું ઠરાવતો મહત્ત્વનો ચુકાદો આપ્યો છે.

દિનેશ ખીમજીભાઈ મહેતા (ફરિયાદી)એ એડવોકેટ શ્રેયસ દેસાઈ/પ્રાચી અર્પિત દેસાઈ, ઈશાન શ્રેયસ દેસાઈ મારફત RBL Bank Ltd. (સામાવાળા) વિરુધ્ધ સુરત જિલ્લા ગ્રાહક તકરાર કમિશન (મુખ્ય) સમક્ષ દાખલ કરેલી ફરિયાદની વિગત એવી હતી કે, સામાવાળા બેંક દ્વારા સામાવાળા કંપની તરફે તેમના પ્રતિનિધિઓએ ફરિયાદીઓનો સંપર્ક કરેલો અને સામાવાળા નં. (૧) કંપની વ્યાજબી વ્યાજે આકર્ષક શરતે લોન ઓફર કરતી હોવાની આકર્ષક અને લોભામણી રજૂઆતો કરેલી મજકૂર લોન મેળવનાર વ્યક્તિ લોનની બાકી પડતી રકમની ચૂકવણી કરે એટલે કે પ્રીપેમેન્ટ કરે તો તેવા સંજોગોમાં લોન લેનારે કોઈ વધારાનો ચાર્જ ભરવો પડશે નહિ એવું પણ સામાવાળા નં. (૧) ના પ્રતિનિધિઓએ ફરિયાદીઓને જણાવેલ. સામાવાળા તરફે થયેલ મજકૂર રજૂઆત પર વિશ્વાસ અને ભરોસો રાખીને ફરિયાદીઓએ સામાવાળા નં. (૧) પાસે હોમ લોન લેવાનું સ્વીકારેલું. સામાવાળાઓએ ફરિયાદીઓને જાન્યુઆરી-૨૦૧૭ ના અરસામાં લોન એકાઉન્ટ નં. ૮૦૯૦૦૧૪૮૧૨૮૯ માં રૂ. ૧૫૯૨૧૭૩૯/- પૂરા ની લોન અગેઈન્સ્ટ પ્રોપર્ટી મંજૂર કરેલી. ફરિયાદીએ પોતાની મિલ્કત બેંકને મોર્ગેજ કરેલી અને મિલ્કતના અસલ ટાઈટલ ડીડ્સ બેંકને સોંપી દીધેલા. મજકૂર લોન ફરિયાદીઓએ કુલ ૧૭૮ હપ્તાઓમાં ફ્લોટર વ્યાજના દરે સામાવાળાઓને પરત ચૂકવવાની હતી. ફરિયાદીઓએ ફરિયાદવાળી લોનના હપ્તાઓ ઓગષ્ટ-૨૦૨૦ સુધી રેગ્યુલર ભરેલા. ત્યાર બાદ ફરિયાદીઓએ ઓગષ્ટ-૨૦૨૦ ના અરસામાં મજકૂર લોન નિયત સમયમર્યાદા પહેલાં ચૂકવી દેવા માંગે છે એવું સામાવાળાઓને જણાવેલું અને કેટલી રકમ ભરવી પડશે તે બાબતે પૂછપરછ કરેલી.




**સામાવાળાઓના જવાબદાર અધિકારીઓએ ફરિયાદીની સાચી રજૂઆતોને દાદ આપેલી નહિ. એટલું જ નહિ પણ જો ફરિયાદી પ્રી-પેમેન્ટ ચાર્જીસ ન ચૂકવે તો ફરિયાદીએ મોર્ગેજ કરેલી મિલ્કતોના ડીપોઝીટ કરેલા ટાઇટલ ડીડસ સામાવાળા ફરિયાદીઓને પરત કરશે નહિ અને મિલકતો મોર્ગેજમાંથી મુક્ત કરશે નહિ એવી ધમકી પણ આપેલી**

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

સામાવાળાઓએ ફરિયાદીઓને લોન એકાઉન્ટ નં. ૮૦૯૦૦૧૪૮૧૨૮૯ નું તારીખ વગરના પત્રથી પ્રી-પેમેન્ટની ગણતરી દર્શાવતા પત્રો ફરિયાદીઓને આપેલા. જેમાં પ્રી-પેમેન્ટ ચાર્જીસ રૂ. ૫,૦૦,૬૭૦/- સામાવાળાઓએ ચૂકવવાનું જણાવતાં ફરિયાદીઓને અત્યંત આશ્ચર્ય અને આઘાત લાગેલાં કારણ કે જ્યારે ફરિયાદીઓ દ્વારા લોન લેવામાં આવેલી ત્યારે ફરિયાદીઓને તે અંગે કોઈ પણ પ્રકારની માહિતી આપવામાં આવેલી નહીં. બલકે સામાવાળા દ્વારા જણાવેલું કે જો લોન નિયત સમય પહેલાં ચૂકવવામાં આવે તો કોઈ પણ પ્રકારનો પ્રીપેમેન્ટ ચાર્જ લાગશે નહીં.

ઉપરોક્ત બાબત અંગે ફરિયાદીઓ તરફે સામાવાળાના જવાબદાર અધિકારીઓ સમક્ષ રજૂઆતો થયેલી પરંતુ સામાવાળાઓના જવાબદાર અધિકારીઓએ ફરિયાદીની સાચી રજૂઆતોને દાદ આપેલી નહિ. એટલું જ નહિ પણ જો ફરિયાદી પ્રી-પેમેન્ટ ચાર્જીસ ન ચૂકવે તો ફરિયાદીએ મોર્ગેજ કરેલી મિલ્કતોના ડીપોઝીટ કરેલા ટાઈટલ ડીડસ સામાવાળા ફરિયાદીઓને પરત કરશે નહિ અને મિલકતો મોર્ગેજમાંથી મુક્ત કરશે નહિ એવી ધમકી પણ આપેલી.

જેથી ફરિયાદીઓએ નાછૂટકે સામાવાળાઓની અયોગ્ય માંગણી/ધમકીને તાબે થઈ, કાયદેસરની જવાબદારી ન હોવા છતાં, પ્રી-પેમેન્ટ ચાર્જીસ સામાવાળાને ચૂકવવાની ફરજ પડેલી. ફરિયાદીઓએ સામાવાળાઓને રૂ. ૫,૦૦,૬૭૦/- પ્રી-પેમેન્ટ ચાર્જીસની રકમ વાંધા સહિત ચૂકવી આપેલ. ત્યાર બાદ, ફરિયાદીએ સામાવાળા વિરુધ્ધ ગ્રાહક કમિશનમાં ફરિયાદ દાખલ કરાવેલી. ફરિયાદી તરફે એડવોકેટે દલીલો કરતા જણાવ્યું હતું, RBI ના Circular મુજબ વ્યક્તિગત (Individual) લોન લેનારના કિસ્સામાં For Closure Charges > Pre-Payment Charges બેંક લઈ શકે નહીં એવું જણાવેલ છે. ફરિયાદીના કિસ્સામાં પ્રી-પેમેન્ટ ચાર્જીસ વસૂલ લેવામાં અનફેર ટ્રેડ પ્રેક્ટિસ અને સેવામાં ક્ષતિ થઈ હોવાની રજૂઆતો પણ કરી હતી. સુરત જિલ્લા ગ્રાહક કમિશન (મુખ્ય) ના પ્રમુખ ન્યાયાધીશ પી.પી. મેખિયા અને સભ્ય શ્રી ડૉક્ટર તીર્થેશ મહેતાએ પોતાના ચુકાદામાં ફરિયાદ અંશતઃ મંજૂર કરતો હુકમ કર્યો હતો અને સામાવાળા બેંકે ફરિયાદી પાસેથી વસૂલ લીધેલ પ્રી-પ્રેમેન્ટ ચાર્જિસની રકમ રૂ. ૫,૦૦,૬૭૦/- ફરિયાદની તારીખથી ૮% વ્યાજ સહિત તેમ જ શારીરિક-માનસિક ત્રાસ માટે વળતરના બીજા રૂ.૫,૦૦૦/- તથા કાર્યવાહી ખર્ચના બીજા રૂ. ૩,૦૦૦/- સહિત સંયુક્ત અને વિભક્ત રીતે ચૂકવી આપવાનો સામાવાળા બેંકને આદેશ આપતો હુકમ કર્યો છે.

**કેન્ડલ લાઈટ**

કદી છે કોઈનું ગૌરવ, કદી ઉપહાસનાં પાનાં,
મુકદ્દરથી વધુ જાલિમ છે જગ-ઇતિહાસનાં પાનાં!

-'સૈફ' પાલનપુરી